જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૩૦/૧૨/૨૦૧૮ રવિવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં
આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૨૫૨૭/૧૮

### બાંગ્લાદેશમાં આંતકવાદી પ્રવૃતિ સાથે સંકળાયેલી એ.બી.ટી.ના એક આંતકવાદીએ બાંગ્લાદેશમાં ચાર ખૂન કરી ગુજરાતમાં આવી રહેતા ઇસમને ઝડપી પાડતી અમદાવાદ શહેર ક્રાઇમ બ્રાન્ચ.

અન્સારૂલ્લા બંગલા ટીમ (એ.બી,ટી) જેને અન્સાર બંગલા પણ કહેવામા આવે છે તે બાગ્લાદેશમા ઇસ્લામિક ઉગ્રવાદ સંગઠન છે તે સને ૨૦૧૩ થી ૨૦૧૫ સુધી નાસ્તિક બ્લોગર્સ ઉપર કેટલાક ક્રુર હુમાલઓ અને હત્યા સહીતના ગુનાઓમા અને એપ્રિલ ૨૦૧૫ મા બેંકની લુંટમા સંકળાયેલી હતી. ૨૫ મી મે ૨૦૧૫ના રોજ ગૃહ મંત્રાલય દ્વારા બેંક લૂંટના થોડા દિવસ પછી ગેંગને ગેરકાયદેસર ઠેરવામા આવ્યા હતા.પોલીસ દ્વારા એવો દાવો કરાયો છે કે બાંગ્લાદેશની જમાત – એ ઇસ્લામી પાર્ટીના વિધાર્થી પાંખ ઇસ્લામી છાત્ર શિબીર સાથે આ સંસ્થા જોડાયેલી છે આતંકવાદ સંશોધન અને વિશ્લેષણ કન્સોર્ટિયમ અનુસાર એ.બી.ટી. એ બાંગ્લાદેશમા અલ કાયદા પ્રેરીત ઇસ્લામીક ઉગ્રવાદી જુથ છે જેણે ૨૦૦૭ દરમિયાન તેની પ્રવૃતિઓ જુદાજુદા એનજીઓ દ્વારા ભંડોળ પુરુ પાડતા જામાતુલ મુસલમેન તરીકે શરુ કરી હતી.ભંડોળ પુરુ થઇ જતા આ સંસ્થા સંચાલન કરવાનુ બંધ કરી દીધુ હતુ પણ બાદમા ૨૦૧૩ મા એબીટી તરીકે પુનર્જીવન થયું હતું અન્સારૂલ્લા બાંગ્લા ટીમ ભારતીય ઉપખંડમા અલ-કાયદા માટેની આગળની સંસ્થા છે.

ખાસ પોલીસ કમિશ્નર શ્રી ક્રાઇમ બ્રાન્ચ શ્રી જે.કે.ભટ્ટ સાહેબ નાઓએ ગુજરાતમાં ગેરકાયદેસર રીતે રહેતા બાંગ્લાદેશી આંતકવાદી પ્રવૃતિ સાથે સંકળાયેલ યુવકોને શોધી કાઢવા આપેલ સુચના આધારે નાયબ પોલીસ કમિશ્નરશ્રી ક્રાઈમ બ્રાન્ચ દીપન ભદ્રન સાહેબ નાઓએ ક્રાઈમ બ્રાન્ચના મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી બી.વી.ગોહિલ સાહેબ નાઓને સૂચના કરવામાં આવેલ હતી જે સૂચના અનુસાર મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી બી.વી.ગોહિલ સાહેબ નાઓએ ક્રાઇમ બ્રાન્ચના અધિકારીશ્રીઓને આવા એ.બી.ટી.ના સભ્યને શોધી કાઢવા પોલીસ સબ ઇન્સ્પેકટર શ્રી જે.એમ.પટેલ તથા પોલીસ સબ ઈન્સપેકટર શ્રી બી.એમ.દેવમુરારી નાઓએ તાબાના માણસો મારફતે ખાનગી રાહે તપાસ શરૂ કરેલ તે દરમ્યાન તા.૨૭/૧૨/૨૦૧૮ નારોજ તેઓને સ્કોડના હેડ કોન્સ. જસંવતસિહ દિપસીહ નાઓએ બાતમી હકીકત આપેલ કે “એક ઇસમ કે જેણે શરીરે વાદળી કલરનું જેકેટ તથા લાયનીંગ વાળુ ગ્રે કલરનું પેન્ટ પહેરેલ છે તથા ચહેરા ઉપર સફેદ દાઢી છે તે અજોમ શેખ નામનો માણસ બાંગ્લાદેશના કુલના જીલ્લાના કમરકુલાનો વતની છે તે એ.બી.ટી.( અન્સારૂલ્લા બાંગ્લા ટીમ) સાથે સંકાળાયેલ છે તે ચંડોળાથી શાહઆલમ તરફ જતાં રોડ ઉપર આવેલ ચોકીદાર બાબાની દરગાહ નજીક ઉભેલ છે. જે મતલબની બાતમી હક્કિત આપતા પોસઈ બી.એમ.દેવમુરારી નાઓએ રેઈડનુ આયોજન કરી પંચો તથા સ્ટાફના અધિકારી/માણસો સાથે જઈ તપાસ કરતા એક ઈસમ નામે અજોમ સમસુ શેખ (ફકીર) ઉવ.૫૨

રહે.બી/૧૪૯૯ કોઠી જૈન મંદિર પાસે વડાપડા રોડ ભરૂચ ગુજરાત તથા મુળ વતન ગામ કમરકુલા થાના દાકુબ પોસ્ટ કાલીનગર જી.કુલના બાંગ્લાદેશને પકડી પાડવામાં આવેલ જેની ઝડતી તપાસ કરતા તેની પાસેથી ભારત સરકાર દ્વારા ભારતીય નાગરીકોને ઈશ્યુ કરવામાં આવતા આધારકાર્ડ ચુટણીકાર્ડ તથા પાનકાર્ડ મળી આવેલ જે બાબતે સદરી ઈસમની પુછપરછ કરતા પોતે બાંગ્લાદેશનો વતની હોય અને છેલ્લા પંદરેક વર્ષથી ગેરકાયદેસર રીતે ગુજરાતમા આવી રહેતો હોવાનુ અને વિરમગામ ખાતે રહેતા એજન્ટ અખ્તર મારફતે પોતાના નામના ગુજરાતના સરનામાવાળા બોગસ દસ્તાવેજો બનાવી આપેલ જે આધારે પોતે આધારકાર્ડ, ચુટણીકાર્ડ તથા પાનકાર્ડ બનાવેલ હોવાનુ જણાવતા સદરી ઈસમ ભારતનો નાગરીક ન હોવા છતાં ભારતના નાગરીક હોવાનો હક્ક ઉભો કરવા કિંમતી દસ્તાવેજો બનાવી પોતાની પાસે રાખી લઈ મળી આવતા સદરી ઈસમ વિરુધ્ધ પો.સ.ઈ. શ્રી બી.એમ.દેવમુરારી નાઓએ ખોટા દસ્તાવેજો બનાવવા અંગે ડી.સી.બી પોલીસ સ્ટેશન ફસ્ટ ગુરન. ૯૬/૧૮ ઈપીકો કલમ ૪૬૫, ૪૬૭, ૪૬૮,૪૭૧,૧૧૪ મુજબનો ગુનો દાખલ કરી સદરી વિરુધ્ધમાં કાયદેસરની કાર્યવાહી કરેલ છે.

આ કામે પકડાયેલ બાંગ્લાદેશી યુવક અજોમ સમસુ શેખ (ફકીર) નાની પુછપરછ કરતા પોતે બાંગ્લાદેશમાં આવેલ અને આંતકવાદી પ્રવૃતિ ચલાવતા અન્સારૂલ્લા બાંગ્લા ટીમ સાથે સંકળાયેલ હોવાનુ તેમજ સને ૨૦૧૬ તથા ૨૦૧૭ ના સમયગાળા દરમ્યાન ગુજરાતમાથી બાંગ્લાદેશમા ગયેલ ત્યારે બાંગ્લાદેશના કમરકુલાના વતની બોલાઈ નામના હિન્દુ યુવકનુ ખૂન કરી પોતાના ઘરના કંમ્પાઉન્ડમા ખાડો કરી તેની લાશ દાટી દિધેલ હોવાનુ તેમજ  કમરકુલાના વતની મુસ્તુફા ગાજી નામના વ્યક્તિનુ ખૂન કરી પોતાના ઘરના કંમ્પાઉન્ડમાં ખાડો કરી લાશ દાટી દિધેલ હોવાનુ તેમજ કમરકુલાના વતની અને પોતાના જમાઈ રહીમ અબ્દુલગાજી નામના વ્યક્તિનુ ખૂન કરી પોતાના ઘરના કંમ્પાઉન્ડમાં ખાડો કરી લાશ દાટી દિધેલ હોવાનુ તેમજ બાંગ્લાદેશના ડુમરીયા ગામના વતની ઇમરાન અશદ નામના વ્યક્તિનુ ખૂન કરી તેની લાશ પોતાના ઘરના કંમ્પાઉન્ડમાં ખાડો ખોદી દાટી દિધેલ હોવાની કબુલાત કરેલ છે જે પૈકી બે વ્યક્તિની લાશો બાંગ્લાદેશ પોલીસે શોધી કાઢેલ છે જ્યારે બે લાશો હાલમાં પણ જમીનમાં દટાયેલ છે જે ચારેય ખૂનના ગુનાઓમાં વોન્ટેડ હોવાનુ જણાઈ આવેલ છે.

આ કામે પકડાયેલ બાંગ્લાદેશી યુવક અજોમ સમસુ શેખ (ફકીર) નાનો બાંગ્લાદેશમાં ફકીર તરીકે હોવા છતા પોતાની ઓળખ છુપાવવા સારૂ ગુજરાતમાં આવી શેખ નામની અટક ધારણ કરેલ હોવાનુ તેમજ બાંગ્લાદેશમાં આંતકવાદી પ્રવૃતિ ચલાવતી અન્સારૂલ્લા બાંગ્લા ટીમ નામના આંતકવાદીઓના સંગઠન સાથે સંકાળેયલ હોવાનુ જણાવેલ છે

પકડાયેલ બાંગ્લાદેશી યુવક બોર્ડર ક્રોસ કરી ભારતમાં આવી ગુજરાતમાં પંદરેક વર્ષ અગાઉ આવી ગયેલ અને ગુજરાતમાં આવી અમદાવાદ શહેરના ચંડોળા, જમાલપુર, વિરમગામ, જામનગર, કરજણ, ભરૂચ, આમોદ વિગેરે વિસ્તારોમાં રોકાયેલ હોવાનુ અને પોતે આવી ગેરકાયદેસરની પ્રવૃતિ સાથે જોડાયેલ હોય તથા  બાંગ્લાદેશમાં ચાર ખૂન કરી આવેલ હોય જેથી ટુકા ગાળામાં પોતાનુ રહેઠાણ બદલી નાખતો હોવાનુ અને પોતે આ ખુન કર્યા છે તેની બાંગ્લાદેશ પોલીસને જાણ થતા બાંગ્લાદેશમાં ગયેલ નહી હોવાનુ જાણવા મળેલ છે.

આ કામે પકડાયેલ બાંગ્લાદેશી યુવકની આંતકવાદી પ્રવૃતિ ગુજરાતમાં કરેલ છે કે કેમ? તેમજ બાંગ્લાદેશમાં અન્સારૂલ્લા બાંગ્લા ટીમના અન્ય કોઈ આંતકવાદીઓ ગુજરાતમાં આવેલ છે કે કેમ ? તેમજ બોગસ દસ્તાવેજો બનાવવા સંબધે ની તપાસ કરવા આરોપીના દિન-૭ ના રિમાન્ડ મેળવવામાં આવેલ છે જે અંગેની વધુ તપાસ ક્રાઈમ બ્રાન્ચ પોલીસ સબ ઈન્સપેકટર શ્રી જે.એમ.પટેલ નાઓ ચલાવી રહેલ છે.

**અમરાઈવાડી પોલીસ સ્ટેશનના અનડીટેક્ટ મો.સા ચોરી નો ભેદ ઉકેલતી તેમજ આર્મ્સ એક્ટ મુજબ ગુનો દાખલ કરી મો.સા ચોરીના આરોપીને પકડી પાડતી અમરાઈવાડી પોલીસ સ્ટેશન ઇન્વેસ્ટીગેશન સ્કોર્ડ ..**

## <u>પ્રેસનોટ</u>

ઉપર અધિકારી શ્રી ની સુચના મુજબ તેમજ પોલીસ ઈન્સ્પેકટર શ્રી ઓ.એમ.દેસાઈ સાહેબના માર્ગદર્શન મુજબ અમરાઈવાડી પોલીસ સ્ટેશન ફસ્ટ ગુ.ર.ન. ૧૮૫/૨૦૧૮ ધી ઈ.પી.કો કલમ ૩૭૯ મુજબના કામે પો.સબ.ઈન્સ સી.પી.રાવ. તથા અ.હેડ.કોન્સ મુકેશભાઈ જીવણભાઈ બ.ન.૪૯૧૨ તથા અ.પો.કો વિમલકુમાર ભાનુંશંકર બ.ન.૧૦૧૦૨ તથા બીજા સ્ટાફના માણસો અમરાઈવાડી પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીગમાં હતા તે દરમિયાન સાથેના અ.પો.કો વિમલકુમાર ભાનુંશંકર બ.ન.૧૦૧૦૨ નાઓને ખાનગી રાહે બાતમી હકિકત મળેલ કે એક ઈસમ કે જે પોતાની પાસે ગેરકાયદેસરના કેટલાક કારતુસ તથા એક ચોરીની મો.સા લઈને નરોતમ નગર ત્રણ રસ્તાથી પસાર થનાર છે જે બાતમી આધારે સદરી ઇસમની વોચમાં હતા તે દરમિયાન સદરી ઇસમ નિકળતા તેને પકડી તેનું નાંમઠામ પુછતા પોતાનુ નામ <u>અજયકુમાર પારસનાથ જાતે.પાન્ડે ઉ.વ.૩૮ ધંધો.સિક્યુરીટીગાર્ડ રહેવાસી .મ.ન.૨૫ રોહીદાસ સોસાયટી ,કલાપીનગર પાસે મેધાણીનગર અમદાવાદ શહેર મુળવતન ગામ ભુવાઈ છપરા તા.બહેરીયા જી.બલીયા ઉતરપ્રદેશ</u> નાનો હોવાનું જણાવતા તેની અંગ જડતી તપાસ કરતા તેની પાસેથી પેન્ટના ખીસ્સા માંથી જીવતા કારતુસ નંગ-૫ તથા ખાલી ખોખા (વપરાયેલા કારતુસ) નંગ-૩ તથા બે મોબાઈલ તથા ઉપરોકત ગુનામાં ચોરાયેલી મો.સા. જેનો આર.ટી.ઓ રજીસ્ટ્રેશન નં-જી.જે.૨૭.બી.પી.૬૫૭૫ ની મળતા તેના ઉપર અમરાઈવાડી પો.સ્ટે સેકન્ડ ગુ.ર.ન. ૩૨૩૬/૨૦૧૮આર્મ્સ એક્ટ કલમ ૨૫(૧-બી)(એ) મુજબ ગુનો દાખલ કરેલ છે તથા ઉપરોકત મો.સા જે ઉપરોક્ત ગુનાના કામે કબજે કરી વાહન ચોરીનો ભેદ'ઉકેલી પકડાયેલ ઈસમ વિરુધ્ધ કાયદેસર કાર્યવાહી કરવામાં આવેલ છે. તા.૨૯/૧૨/૨૦૧૮

## નાસતા ફરતા આરોપીને પકડી પાડતી ઓઢવ પોલીસ સ્ટેશન પોલીસ

**અમદાવાદ શહેર પોલીસ કમિશ્નર શ્રી એ.કે.સિંઘ સાહેબ નાઓની સુચનાથી અધિક પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૨ શ્રી અશોકકુમાર યાદવ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૫ શ્રી હીમકરસિંગ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "આઈ" ડીવીજન શ્રી.એન.એલ.દેસાઈ સા. નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ નાસતા ફરતા આરોપીઓને શોધી કાઢી ગુના ડિટેક્ટ કરવા સુચના આધારે અમો પોલીસ ઇન્સ્પેક્ટર આર.જી.જાડેજા તથા સર્વેલન્સ પો.સબ.ઇન્સ એસ.જે.ચૌહાણ તથા અ.હેડ.કોન્સ ચંદુભાઇ મગનભાઇ બ.નં-૭૯૮૫ તથા અ.પો.કો રાજેશભાઇ રમેશભાઇ બ.નં-૬૭૭૯ તથા અ.પો.કો ચન્દ્રસિંહ લાખુભા બ.નં-૫૮૮૯ તથા અ.પો.કો લાલજીભાઇ રાયસંગભાઇ બ.નં-૮૭૮૩ સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમા પેટ્રોલીંગમા હતા દરમ્યાન <u>અ.પો.કો લાલજીભાઇ રાયસંગભાઇ તથા અ.પો.કો ચન્દ્રસિંહ લાખુભા</u> નાઓની સંયુક્ત બાતમી આધારે ઓઢવ રીંગરોડ પાસેથી <u>ઓઢવ પો.સ્ટેશન સેકન્ડ ગુ.ર.નં-૩૦૧૫/૧૭ ઇ.પી.કો કલમ ૨૪૨ તથા આઇ.ટી.એક્ટ કલમ ૪૩(એ)(બી), ૬૭, ૬૭(એ)(બી) મુજબના</u> કામના નાસતા ફરતા આરોપી <u>મહેશભાઇ ભીમાભાઇ સાબરીયા, ઉ.વ.૨૨ રહે: ગામ: અમરાપર કપુરવાવ વિસ્તાર, તા-થાનગઢ, જી-સુરેન્દ્રનગર</u> નાને આજરોજ તા-૨૯/૧૨/૨૦૧૮ ના ક.૧૧/૩૦ વાગે પકડી અટક કરી કાયદેસરની કાર્યવાહી કરી નાસતા ફરતા આરોપીને પકડી સારી કામગીરી કરવામાં આવેલ છે.તા-૨૯/૧૨/૨૦૧૮.**

**<u>સરખેજ પોલીસ સ્ટેશન :</u>**

**(૧)**

મે.સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૧ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૭ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી,"એમ" ડિવીઝન સાહેબ નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ અત્રેનાંસરખેજ પોલીસ સ્ટેશન વિસ્તારમાં દારૂ તથા જુગારની પ્રવુતી અટકાવવા સારૂ અત્રેનાં પો.સ્ટેશન ખાતે પ્રોહીબીશનનાં ગુન્હામાં પકડાયેલ દિપક ભાવુભાઇ ચુનારા ઉવ.૨૨ ધંધો-મજુરી રહે. કાળકામાનો ટેકરો,મોઇનપાર્કની અંદર સરખેજ અમદાવાદ નાઓ વિરુધ્ધમાં પ્રોહીબીશનનાં ગુન્હાઓ એકત્ર કરી કરાવી અત્રેથી મે.પોલીસ કમિશ્નર સાહેબ શ્રી અમદાવાદ શહેર નાઓને દરખાસ્ત પાઠવી મે,પોલીસ કમિશ્નર શ્રી ની કચેરી નાઓ તરફથી મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓની કચેરીના ક્માંક પીસીબી/ડીટેઇન/પાસા/૧૨૫૪/૨૦૧૮ તા.૨૮/૧૨/૨૦૧૮ થી પાસા હુકમ થયેલ હોય અને સદર ઇસમને "પાસા" હુકમની બજવણી કરાવી "સુરત જેલ" ખાતે યોગ્ય જાપ્તા સાથે મોકલી આપવામાં આવેલ છે તા- ૨૯/૧૨/૨૦૧૮

**(૨)**

મે.સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૧ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૭ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી,"એમ" ડિવીઝન સાહેબ નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ અત્રેનાંસરખેજ પોલીસ સ્ટેશન વિસ્તારમાં દારૂ તથા જુગારની પ્રવુતી અટકાવવા સારૂ અત્રેનાં પો.સ્ટેશન ખાતે પ્રોહીબીશનનાં ગુન્હામાં પકડાયેલ સુરેશભાઇ જયંતીભાઇ ચુનારા ઉવ.૨૮ ધંધો-મજુરી રહે.ગામ-કાશીન્દ્રા જાંબુડાવાસા તા-દસ્ક્રોઇ જિ-અમદાવાદ નાઓ વિરુધ્ધમાં પ્રોહીબીશનનાં ગુન્હાઓ એકત્ર કરી કરાવી અત્રેથી મે.પોલીસ કમિશ્નર સાહેબ શ્રી અમદાવાદ શહેર નાઓને દરખાસ્ત પાઠવી મે,પોલીસ કમિશ્નર શ્રી ની કચેરી નાઓ તરફથી મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓની કચેરીના ક્માંક પીસીબી/ડીટેઇન/પાસા/૧૨૫૩/૨૦૧૮ તા.૨૮/૧૨/૨૦૧૮ થી પાસા હુકમ થયેલ હોય અને સદર ઇસમને "પાસા" હુકમની બજવણી કરાવી "વડોદારા જેલ" ખાતે યોગ્ય જાપ્તા સાથે મોકલી આપવામાં આવેલ છે તા- ૨૯/૧૨/૨૦૧૮

## <u>નાસતા ફરતા આરોપીને પકડી પાડતી કૃષ્ણનગર પોલીસ</u>

મે. પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા મે. અધીક પોલીસ કમીશ્નર શ્રી સેક્ટર-૨ સાહેબ તથા નાયબ પોલીસ કમીશ્નર શ્રી ઝોન-૪ સાહેબ તથા મદદનીશ પોલીસ કમીશ્નર શ્રી "જી" ડીવીઝન સાહેબ નાઓની સુચના અને સીધા માર્ગદર્શન હેઠળ નાસતા - ફરતા આરોપીઓ પકડવાની ડ્રાઇવ દરમ્યાન કૃષ્ણનગર પોલીસ સ્ટેશનના નાસતા ફરતા આરોપીઓને પકડવા સારૂ સ્ટાફના માણસોની અલગ – અલગ ટીમો બનાવી નાસતા ફરતા આરોપીઓને શોધી પકડી પાડવા કાર્યવાહી કરતા કૃષ્ણનગરના પોલીસ સ્ટેશનના સર્વેલન્સ સ્કોડના પો.સબ.ઇન્સ ડી.જી.વહોનીયા તથા ટીમના માણસોએ કૃષ્ણનગર પો.સ્ટે સેકંડ.ગુ.ર.નં-૩૦૧૪/૨૦૧૫ જુગાર ધારા કલમ-૪,૫, મુજબના ગુનાના નાસતા-ફરતા આરોપી શૈલેષકુમાર સ/ઓ મનુભાઇ જાતે પટેલ ઉ.વ.૩૮ ધંધો-ખેતી રહે,ગોવિંદ ચકલા ગુંડી ખાર તા, વિસનગર જીલ્લો - મહેસાણા નાને આજરોજ તા. ૨૯/૧૨/૨૦૧૮ ના કલાક ૧૦/૦૦ વાગે પકડી અટક કરી કાયદેશરની કાર્યવાહી કરવામા આવેલ છે. તા: ૨૯/૧૨/૨૦૧૮

## <u>ખોટા દસ્તાવેજી પુરાવા ઉભા કરી ગુનામાં મદદગારી કરી છેલ્લા સાત વર્ષથી નાસતા ફરતા (વોન્ટેડ) આરોપીને પકડી પાડતી નરોડા પોલીસ</u>

અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર ૨ અમદાવાદ શહેર નાઓ તરફથી નાસતા-ફરતા આરોપીઓ પકડવા ઝુબેશ રાખવામાં આવેલ જે ઝંબેશ અનુસંધાને નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૪ સાહેબ અમદાવાદ શહેર તથા તથા મદદનીશ પોલીસ કમિશ્નર "જી" ડીવીઝન સાહેબ તથા પોલીસ ઇન્સપેકટર શ્રી એચ.બી.વાઘેલા સાહેબ નરોડા પોલીસ સ્ટેશન નાઓની સુચના આધારે સર્વેલન્સ સ્કોડના મ.સ.ઇ. જયેન્દ્રસિહ રૂપસિહ બ.નં- ૭૦૩૯ તથા સર્વેસ્કોડના પો.કો. સુરેશકુમાર હરજીવનભાઇ બ.નં-૩૨૨૦ તથા પો.કો. શક્તિસિહ મહાવીરસિહ બ.નં-૪૫૯૭ તથા પો.કો.પ્રદિપકુમાર રામાભાઇ ૧૦૩૬૧ નાઓ સાથે નાસતા ફરતા આરોપીઓ પકડવા પેટ્રોલીંગમાં હતા.તે દરમ્યાન સાથેના પો.કો. સુરેશકુમાર હરજીવનભાઇ તથા પો.કો.પ્રદિપકુમાર રામાભાઇ નાઓની સંયુકત બાતમી હક્કિત આધારે **<u>નરોડા પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં-૧૯૯/૨૦૧૧ ઇ.પી.કો.કલમ- ૪૦૬,૪૨૦,૪૬૭,૪૬૮,૪૭૧,૩૯૪(ખ),૫૦૬(૧),૧૧૪</u>** મુજબના કામના આરોપી નામે **<u>નિતીનભાઇ કિશોરભાઇ પ્રતાપસીંગ રાજપુત ઉ.વ.૩૪ હાલ રહે, જનતાનગર મામા તપલાવડી રામોલ અમદાવાદ શહેર</u>** નાને આજ રોજ તા-૨૯/૧૨/૨૦૧૮ ના રોજ રામોલ તલવાડી રોમોલ ખાતેથી પકડી પાડતી નરોડા પોલીસ

(૨)

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેરના પાસા અટકાયતી ક્રમાંક: પીસીબી/ડીટીએન/પાસા/૧૨૫૫/૨૦૧૮ તા-૨૯/૧૨/૨૦૧૮ આધારે કુણાલ ઉર્ફે કિરીયોડૉન કિરીટભાઇ ગારંગે રહે- મહાજનિયાવાસ નરોડા પાટિયા રામદેવપીરના મંદિરની પાછળ સરદારનગર અમદાવાદ નાઓ વિરુધ્ધ નરોડા પો.સ્ટે. ફર્સ્ટ ગુ.ર.નં. ૧૨૫/૧૫ ઇ.પી.કો. કલમ ૩૭૯, ૩૫૬, ૧૧૪ મુજબ તથા નરોડા પો.સ્ટે. ફ.ગુ.ર.નં. ૩૭૫/૧૮ ઇ.પી.કો. કલમ ૩૯૫, ૩૮૪, ૩૨૩, ૨૯૪(ખ), ૫૦૬(૨) મુજબ ના દાખલ થયેલ ગુન્હા આધારે સદરી વિરુધ્ધ પાસા હુકમ થયેલ હોઇ આરોપીને તા-૨૯/૧૨/૨૦૧૮ ના ક.૨૧/૦૦ વાગે અટકાયત કરી પાસા હુકમની બજવણી કરી મધ્યસ્થ જેલ રાજકોટ ખાતે પાસા તળે અટકાયતમા રહેવા સારુ મોકલી આપવા તજવીજ કરેલ છે.

## જવેલરી શોપમાં ગ્રાહક બની જઇ નજર ચુકવી ચોરી કરતી આરોપણબેનને કિ.રૂ.૧,૦૫,૦૦૦/-ના મુદ્દામાલ સાથે ધરપકડ કરતી રામોલ પોલીસ અમદાવાદ શહેર

તા.૨૯/૧૨/૧૮ ના રોજ અત્રેના રામોલ પો.સ્ટેશન ખાતે ફસ્ટ ગુ.ર.નં. ૨૨૯/૧૮ ધી ઇપીકો કલમ ૩૮૦, ૧૧૪ મુજબના કામના ફરીયાદીશ્રી ગીરીશકુમાર ભુપેંદ્રભાઇ જાતે.મોદી ઉવ.૪૪ ધંધો.વેપાર રહે. મનં.૧૬ દિપચંદન ફ્લેટ ગોપાલ ટાવર્સની બાજુમાં મણીનગર અમદાવાદ શહેર નાઓએ ફરીયાદ આપેલ કે ગઇ તા.૨૫/૧૨/૧૮ ના કલાક ૧૮/૦૦ વાગ્યાના સુમારે તેઓની જવેલરી શોપની દુકાન વિનય ગોલ્ડ પેલેસ માટલા સર્કલ રામોલ ખાતે એક સ્ત્રી તથા એક પુરૂષ ગ્રાહક બનીને આવેલ અને પોતાને વિંટીઓ ખરીદવાની છે તેમ કહેતા ફરીયાદીશ્રીએ તેમને ઘણી બધી વિંટીઓ બતાવેલ જેમાં આરોપીઓએ ફરીયાદીની નજર ચુકવી આરોપીઓએ સોનાની ચાર વિંટીની ચોરી કરેલ

તા.૨૯/૧૨/૧૮ ના રોજ રામોલ પો.સ્ટેશન ખાતે ફસ્ટ ગુ.ર.નં. ૨૩૦/૧૮ ધી ઇપીકો કલમ ૩૮૦, ૧૧૪ મુજબના કામના ફરીયાદીશ્રી મુકેશભાઇ પ્રતાપભાઇ જાતે.મોદી ઉવ.૩૮ ધંધો.વેપાર રહે. મનં.૫ વ્રજવાટીકા બંગલોઝ મહાદેવનગર વસ્ત્રાલ અમદાવાદ શહેર નાઓએ ફરીયાદ આપેલ કે ગઇ તા.૨૨/૧૨/૧૮ ના કલાક ૨૦/૦૦ વાગ્યાના સુમારે તેઓની જવેલરી શોપની દુકાન ભુમી ગોલ્ડ પેલેસ વસ્ત્રાલ ખાતે એક સ્ત્રી તથા એક પુરૂષ ગ્રાહક બનીને આવેલ અને પોતાને વિંટીઓ ખરીદવાની છે તેમં કહેતા ફરીયાદીશ્રીએ તેમને ઘણી બધી વિંટીઓ બતાવેલ જેમાં આરોપીઓએ ફરીયાદીની નજર ચુકવી આરોપીઓએ સોનાની બે વિંટીની ચોરી કરેલ જે બાબતેનાં અત્રેના પો.સ્ટેશનમાં ગુના રજીસ્ટર થયેલ.

જે સંદર્ભે ઉપરી અધિકારી શ્રીનાઓની સુચના અને માર્ગદર્શન આધારે તપાસ ચાલુ કરવામાં આવેલ અને હાલમાં નાસ્તા ફરતા આરોપીઓને પકડવાની ડ્રાઇવ ચાલતી હોય જેથી સર્વેલન્સ સ્કોડના પો.સ.ઇ વી.બી.વાઘેલા નાઓ સ્ટાફના માણસોની સાથે પો.સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન રબારીકોલોની ચાર રસ્તા પાસે આવતા સાથેના પો.કો સહદેવસિંહ મહેંદ્રસિંહ તથા પો.કો લાલજીભાઇ જહાભાઇ નાઓએ સંયુકત બાતમી હકીકત આપેલ કે એક મહીલા જેણે શરીરે લીલા રંગની ડીઝાઈન વાળી કુર્તી તથા કથઈ રંગની લેગીજ પહેરેલ છે તથા નંબરના ચશ્મા પહેરેલ છે જે મહીલા પોતાની પાસે ચોરી અગર છળ કપટથી મેળવેલ સોનાની વીટીઓ રાખી સુરેલીયા સર્કલ ખાતે આવેલ સોનીઓની દુકાનોમાં વેચવા સારૂ ફરે છે જે બાતમી આધારે પોલીસ સ્ટેશન ખાતે થી વુ.અ.હે.કો સુનંદાબેન બળવંતરાય નાઓને બોલાવી પંચો સાથે સદરી બેનને રોકી વુ.હે.કો મારફતે જડતી કરવતા આરોપણબેન હીના વા/ઓ નીરંજનભાઈ ઉર્ફે નીલેશ જીતેન્દ્રભાઈ નાગર ઉવ:૨૬ રહે:કાલુપુર બ્રીજની નીચે ઓડાના મકાનમાં ચોથો માળ અમદુપુરા શહેરકોટડા અમદાવાદ શહેર વતન:હાઉસીંગ બોર્ડના મકાન·બ્રાહ્મણવાસ દહેગામ તા:દહેગામ જી:ગાંધીનગર નાની પાસેથી સોનાની વિંટી નંગ-૮ કિ.રૂ.૧,૦૫,૦૦૦/- નો મુદ્દામાલ કબ્જે કરી પુછપરછ કરતાપોતે પોતાના પતિ સાથે મળી જવેલરીની દુકાનમાંથી ચોરી કરેલાનુ જણાવેલ જેથી સદરી બેનને તા.૩૦/૧૨/૧૮ ના કલાક ૧૧/૫૦ વાગે પકડી અટક કરી ત્રણ અનડીટેકટ ગુનાઓ શોધી કાઢી સારી કામગીરી કરેલ છે.

કૃષ્ણનગર પો.સ્ટે ફસ્ટ ૧૯૫/૧૭ ઇપીકો કલમ ૩૮૦,૧૧૪

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.